# કડી યુનિવર્સિટીના અધ્યાપકોનું નવુ સંશોધન

## એલ્યુમિનિયમના ઉત્પાદન માટે ઈકો ફ્રેન્ડલી ફોર્મ્યુલા : કડી સર્વ વિશ્વ વિદ્યાલયના અધ્યાપકોએ મિકેનિકલ પાર્ટસનો ઉપયોગ કરી સંશોધનક્ષેત્રે નવી ભેટ ધરી



ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના બે પ્રાધ્યાપકો દ્વારા નવુ સંશોધન કરવામાં આવ્યું છે. આ પ્રાધ્યાપકોએ મિકેનિકલ પાર્ટસ પર વિવિધ પ્રયોગો કરી પ્રદૂષણ ફ્રી ઈકો ફ્રેન્ડલી રીતે એલ્યુમિનિયમના ઉત્પાદન માટે નવી પદ્ધતિ અપનાવી છે. આ નવી પદ્ધતિ મુજબ એલ્યુમિનિયમનું ઉત્પાદન કરવામાં આવે તો જૂની પદ્ધતિની સાપેક્ષમાં ૨૦ ટકા પ્રોડક્શન કોસ્ટ પણ ઘટશે.

રોકેટ સાયન્સ હોય કે મેડીકલ સાયન્સ દિવસે ને દિવસે વિજ્ઞાનમાં નવા નવા પ્રયોગો થઈ રહ્યા છે. તો સાથે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગને કારણે પર્યાવરણને નુકસાન પણ થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એલ.ડી.આર.પી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના બે અધ્યાપકો દ્વારા મીકેનીકલ પાર્ટસ ઉપર વિવિધ પ્રયોગો કરીને ઈકોફ્રેન્ડલી રીતે અલુમિનિયમનું રીસાઈકલ કરવાની રીતનો આવિષ્કાર કરવામાં આવ્યો છે. તેમનો દાવો છે કે એલ્યુમિનિયમના શુદ્ધિકરણ અને ડી-ગેસમાં ક્લોરીન, ક્લોરીન, ઓર્ગોન, નાઈટ્રોજન જેવા દ્રવ્યોનો ઉપયોગ નહિ થવાના કારણે આ પદ્ધતિથી ૧૦૦ ટકા પ્રદૂષણ ફ્રી એલ્યુમિનિયમ બને છે. જેનાથી દેશને જ નહિ પરંતુ સમગ્ર વિશ્વને વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫૮૦ મીલીયન કિલો ઉર્જાની બચત થાય તેમ છે અને ૩ મીલીયન કાર્બન ક્રેડીટ બચાવી શકાય છે.

આ અંગે એલ્યુમિનિયમના રીસાઈકલ અંગેનો ઈકો ફ્રેન્ડલી ફોર્મ્યુલાનો રીસર્ચ કરીને તૈયાર કરનાર પ્રો. કેદાર ભોજકે જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં એલ્યુમિનિયમ બનાવવા માટેના ૬૬ જેટલા મોટા પ્લાન્ટ છે જેમાં વર્ષે ૨૩ બિલિયન ડોલરની માતબર રકમનું એલ્યુમિનિયમ તૈયાર એટલે કે રીસાઈકલ કરવામાં આવે છે. જેના શુદ્ધિકરણ અને ડી-ગેસ એટલે કે, વાયુ મુક્તીકરણના કારણે ઓઝોનના સ્તરમાં ગાબડા પડવા અને તેનાથી ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યાઓ જન્મે છે. ત્યારે કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર સંચાલિત એલ.ડી.આર.પી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના મીકેનીકલ શાખાના બે અધ્યાપકો કેદાર ભોજક અને અલ્પેશ

● અનુસંધાન પાન-૭ પર

### સમાજને ઉપયોગી થવા સંશોધન પ્રવૃતિ માટે સંસ્થાએ ૧.૫ કરોડનુ ફંડ ફાળવ્યુ

ગાંધીનગર,તા ૨૩

કડી સર્વ વિધાલયના બે પ્રાધ્યાપકો દ્વારા એલ્યુમિનિયમના ઉત્પાદન માટે નમૂનારૂપ પધ્ધતિ અને ઈકો ફ્રેન્ડલી ફોર્મ્યુલાનુ સંશોધન કર્યુ છે. આ તબક્કે કેળવણી મંડળના ચેરમેન સરદાર વલ્લભભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ સંસ્થા છેલ્લા ૯૫ વર્ષથી શિક્ષણ આપવાનુ કામ કરે છે. જેમા હાલ કેજી થી પીજી ક્ષેત્રે ૫૨ હજાર વિધાર્થીઓ અભ્યાસ કરે છે. સમાજને ઉપયોગી થવાના અભિગમ સાથે સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૨થી રીસર્ચ એકટીવીટી પણ શરૂ કરવામાં આવી છે. આ માટે સંસ્થા દ્વારા રૂ ૧.૫ કરોડનુ ફંડ ફાળવવામાં આવ્યુ છે. આ અન્વયે રીસર્ચ અંગેની ૫૦ થી વધુ દરખાસ્તો કરવામાં આવી છે. જે મુજબ ૩૫ દરખાસ્તો પર કામ ચાલી રહયુ છે. ગ્લોબલ વોર્મિગના સમયમાં પ્રદુષણ ઘટાડવા ચોખ્ખુ એલ્યુમિનિયમ મેળવવાની નવી પધ્ધતિની શોધ કરી યુનિવર્સિટિએ સમાજને અર્પણ કરી છે. આ શોધના લીધે ઈલેકટ્રીસીટીનો પણ બચાવ થશે. જયારે આર્થિક ઉપાર્જન ઉપલબ્ધ થશે તેનો ઉપયોગ વિધાર્થીઓ પાછળ જ કરવામાં આવશે.

### ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર હવે, સહયોગ સંકુલમાં

ગાંધીનગર, તા.૨૩

જિલ્લા ઉધોગ કેન્દ્ર, ગાંધીનગર જે સેકટર ૧૧માં આવેલ એમ.એસ. બિલ્ડીંગમાં કાર્યરત હતું. આ કચેરી તા. ૧૦મી એપ્રિલ, ૨૦૧૫ના રોજથી એ વીંગ, પાંચમો માળ, સહયોગ સંકુલ, સેકટર ૧૧, ગાંધીનગર ખાતે કાર્યરત થયેલ છે, હવે પછી કચેરીના કામ અર્થે નવીન સરનામે સંપર્ક કરવા જિલ્લા ઉધોગ કેન્દ્ર, ગાંધીનગરના મેનેજરશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સે-૭ના શિવ કોમ્પલેક્ષમાં અચાનક આગ

## વેપારીઓમાં નાસભાગ:મોટી દુર્ઘટના ટળી : ટાવર સંબંધિત કેબલમાં શોર્ટ સર્કિટના લીધે આગ લાગી હોવાનુ મનાય છે. મોબાઈલ કંપની અને બિલ્ડરોની મીલીભગત સામે વેપારીઓમાં આક્રોશ...

ગાંધીનગર, તા ૨૩

સે-૭ના શિવ કોમ્પલેક્ષમાં આજે બપોરે અચાનક આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. કોમ્પલેક્ષના ધાબે ફીટ કરાયેલા મોબાઈલ કંપનીના ટાવર સંબંધિત કેબલમાં શોર્ટ સર્કિટના લીધે આગ લાગી હોવાનુ મનાય છે.જો કે ફાયરબ્રિગેડની ટીમે સમયસર ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લઈ લીધી હતી.આ ઘટનાના પગલે કોમ્પલેક્ષમાં ટાવર લગાવવાની હરકતને લઈને પણ બિલ્ડર સામે પશ્ન મંડરાયો છે. નિયમો નેવે મુકીને કોમ્પલેક્ષમાં ટાવર લગાવી દેવાયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

શહેરના હાર્દસમા સે-૭ માં સ્થિત શિવ કોમ્પલેક્ષમાં આજે બપોરે અચાનક આગ ભભૂકી હતી.કામ્પલેક્ષના ધાબે રીલાયન્સ અને આઈડીયા જેવી કંપનીના ટાવર ઉભા કરી દેવાયા છે.આજે બપોરના સમયે અચાનક ટાવર સંબંધિત કેબલમાં આગ લાગી હતી. કામ્પલેક્ષના વેપારીઓ આગથી અજાણ હતાં. ત્યારે સામે માધ્યમિક શાળાના બાંધકામ સંદર્ભે મજુરી કામ કરતા શ્રમિકોનુ ધ્યાન આગ તરફ મંડરાયુ

● અનુસંધાન પાન-૭ પર





# સે-૨૧ના શોપીંગમાં પ્રધાનપુત્રની ધમાલ

## જય ભવાની વડાપાઉં પાસે ઈનોવો લઈને આવેલા ત્રણ શખ્સોએ હોટલ સંચાલકને ઢીબી નાંખ્યો : સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ : ઈજાગ્રસ્ત સંચાલકે કરી પોલીસ ફરીયાદ





ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સે. ૨૧ ખાતે સ્થિત જય ભવાની વડાપાઉ હોટલના સંચાલકને કોઈ બાબતે ઈનોવા લઈને આવેલા પ્રધાનપુત્ર સાથે માથાકુટ થતા પ્રધાનપુત્ર સહિત ત્રણ શખ્સોએ તેની ધોલાઈ કરી નાંખી હતી. આ સમગ્ર મારામારીની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી છે. ઘાયલ હોટલ સંચાલક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ છે અને તેની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરીછે.

મળતી માહિતી મુજબ સે. ૨૧ જય ભવાની વડાપાઉ હોટલના સંચાલક સુજલ ચંદ્રકાન્તભાઈ શાહ (રહે. સે. ૩૦, ચ-ટાઈપ, બ્લોક નં. ૨૩/૧) આજે બપોરે બાજુની દુકાન અશોક પાન પાર્લરમાં મસાલો ખાવા ગયો હતો. તેટલામાં ઈનોવા ગાડી નં. જીજે-૧૮-બી.બી.-૭૧૫૪ લઈને આવેલા ત્રણ શખ્સો ત્યાં પહોંચ્યા ત્યારે સુજલ શાહે પુછ્યુ કે શું લેવું છે ? તારે શુ લેવા-દેવા ? કહીને એક શખ્સે માથાકુટ શરૂ કરી ગાળાગાળી કરતાં મામલો બિચક્યો હતો. જે પ્રધાનપુત્ર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. માથાકુટ થતા ત્રણેય શખ્સો સુજલ શાહ ઉપર ફરી વળ્યા હતા અને ગદડાપાટુનો માર મારતા તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી છે. સે. ૨૧ પી.આઈ બી.એ. ચાવડાએ ઈનોવા ગાડી લઈને આવેલા ત્રણ અજાણ્યા વ્યક્તિઓ સામે સુજલ શાહની ફરીયાદને આધારે નોનો કોગ્નીઝેબલ આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ગાંધીનગરમાં ગરમી યથાવત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં આકરી ગરમી યથાવત રહી છે. આખો દિવસ આકરો તડકો પડતા મહત્તમ તાપમાન ૪૧.૨ ડિ.સે. પહોંચી ગયું હતું. જયારે લઘુત્તમ તાપમાન ૨૩.૩ ડિ.સે. નોંધાયું હતું. આખો દિવસ ભારે ગરમી પડતા વસાહતીઓ હેરાન પરેશાન થયા હતા. ઠંડા પીણાની લારીઓ, શેરડીના કોલા તથા આઈસક્રીમ પાર્લરો પર ભીડ જોવા મળી હતી. ભેજનું પ્રમાણ સવારે ૫૧ ટકા અને સાંજે ૧૯ ટકા રહ્યું હતું.

## સે-૧૦-એસબીઆઈ ખાતે ગ્રાહક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૧૦ સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતે બેંકના ગ્રાહકો માટે એક ગ્રાહક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. શહેર વસાહત મહામંડળ અને સ્ટેટ બેંકના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૭ એપ્રિલ સાંજે ૫.૩૦ કલાકે બેંક ખાતે યોજાશે. કસ્ટમર મિટિંગમાં તમામ ગ્રાહકોને ઉપસ્થિત રહેવા અરૂણ બુચ, મયુર વ્યાસ, સુધીર દેસાઈએ જણાવ્યું છે.

## દિવ્યજીવન દ્વારા આજે વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા.૨૩

શ્રી દિવ્યજીવન સંસ્કૃતિ સંઘના ઉપક્રમે આવતીકાલે તા. ૨૪મી એપ્રિલના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વહેલી સવારે ૫.૩૦ થી ૭ સુધી યોગાસન શિબિર, સવાર ૭ થી ૮ દરમિયાન કઠોઉપનિષદ ઉપર પ્રવચન યોજાશે. સવારે ૮ થી ૧ દરમિયાન શ્રીમદ ભાગવત પારાયણ યોજાશે. સાંજે ૫.૩૦ થી ૯ દરમિયાન સ્વામી આધ્યાત્માનંદજીની વ્યાસપીઠે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ચંદ્રાલામાં ઘરફોડ કરવા ગયેલો ટાબરીયો રંગેહાથ ઝડપાયો

### મકાનનું તાળુ તોડીને સોનાનો દોરો, ચાંદીની ઝાંઝર અને રોકડ મળીને ૪૮ હજારની મત્તા લઈને ભાગતા હતા : એક રફુચક્કર : ટાબરીયાની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૩

ચંદ્રાલા ગામની સીમમાં એક મકાનનું તાળુ તોડીને અંદરથી સોના-ચાંદીના દાગીના તથા રોકડની ચોરી કરીને ભાગી રહેલા બે શખ્સો પૈકી એક ટાબરીયાને બાજુનાં ખેતરમાં ભીંડા વિણી રહેલા ખેડૂતે ઝડપી પાડ્યો હતો. ઘરફોડ કરતાં રંગેહાથ ઝડપાઈ ગયેલા ટાબરીયાની ધરપકડ કરી ચિલોડા પોલીસે ફરાર થઈ ગયેલા શખ્સની શોધખોળ શરૂ કરી છે.

ગાંધીનગર નજીકના ચંદ્રાલા ગામની સીમમાં ગઈકાલે એક ખેતરમાં ખેડૂત શંકરભાઈ સોમાભાઈ મેસરના ભીંડા વિણી રહ્યા હતા ત્યારે બાજુમાં સ્થિત એક મકાનનું તાળુ તોડી અંદર ઘુસીને પતરાની પેટી તોડી અંદરથી સોનાની ચેઈન, બે જોડ ચાંદીની ઝાંઝર, રોકડ રૂ. ૨ હજાર મળી રૂ. ૪૨ હજારનો મુદ્દામાલ ચોરી બે શખ્સો ભાગી રહ્યા હતા. તે જોઈ ખેડૂતે પીછો કર્યો અને બે પૈકી એકને ઝડપી પાડ્યો હતો. પકડાઈ ગયેલા ૧૫ વર્ષના ટાબરીયાને ચિલોડા પોલીસમથકે સોંપી દેવાયો હતો. ચિલોડા પોલીસે ટાબરીયાની ધરપકડ કરી ફરાર થઈ ગયેલા ૨૦ વર્ષીય ખોરજ ખોડીયાર ગામમાં છાપરૂ બાંધીને રહેતા સાગરીત જગદીશ રમેશની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે. ચિલોડા પોલીસે આ અંગે ઉંડી તપાસ આરંભી છે.



**ગાંધીનગરની લાયબ્રેરીમાં ઓટોમેટીક બુક ઈશ્યુ કિઓસ્ક મશીન** - ગાંધીનગરમાં બે મોટા સરકારી પુસ્તકાલયો વાચકો માટે પુસ્તકોના ભંડાર સમા છે. આ બંને પુસ્તકાલયોમાં તાજેતરમાં ઓટોમેટીક બુક ઈશ્યુ કિઓસ્ક મશીન મુકવામાં આવ્યા છે. જેના કારણે વાચકને પુસ્તક ઘરે વાંચવા લઈ જવા નોંધાવા માટે લાંબી લાઈનમાં ઉભું નથી રહેવું પડતું. વાચક જાતે જ પુસ્તક પસંદ કરી મશીન પરથી ઈશ્યુ કરી લઈ જઈ શકે છે અને પરત કરવા પણ મશીનનો ઉપયોગ કરી શકે છે. આજે વિશ્વભરમાં પુસ્તક દિન ઉજવાઈ રહ્યો છે ત્યારે નગરની આ બે અદ્યતન લાયબ્રેરી વાચકો અને વિદ્યાર્થીઓ માટે સુવિધાઓ પુરી પાડી પુસ્તક વાંચન પ્રત્યે રસ-રૂચિ જાળવી રાખવા અગ્રેસર બની રહી છે. (તસવીર : સમીર રામી)

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪

સૂર્યાસ્ત : ૭.૦૫

### તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૩.૩ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૧ ટકા ● સાંજે ૧૯ ટકા

### મનોરંજન

#### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**

ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૪ :**

એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

#### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**

મિ. એક્સ : ૩.૩૦, ૧૦.૦૦

માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૦૦

**સ્ક્રીન-૩ :**

મિ. એક્સ : ૧૨.૪૫, ૬.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૩.૪૫, ૯.૪૫

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦

લીલા : ૪.૦૦, ૧૦.૧૫

ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

મિ. એક્સ : ૧૦.૦૦

લીલા : ૧૨.૪૫

માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૩.૩૦, ૧૦.૦૦

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫

એન. એસ. ૮ : ૫.૩૦, ૭.૩૦

### આપની આજ

**મેષ** : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

**વૃષભ** : નિર્ણયોને ખાનગી રાખવા જરૂરી છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : બુદ્ધિ અને મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન થશે. વધુ ખર્ચ ન કરવો, નહીં તો મુશ્કેલી થઈ શકે છે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : કાર્યક્ષેત્રમાં વિઘ્નો ઉત્પન્ન થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.

**મકર** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

### ચિરવિદાય

- સ્વ. હિરાબેન માનસંગજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. તારાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. શાંતાબેન શંકરભાઈ પટેલ (ઉ.વ.૯૫) ૧૭૮, અંબિકાનગર સોસાયટી, નવા કોબા, તા.જી. ગાંધીનગર
- સ્વ. દર્શનાબેન ઉમેદચંદ ત્રિવેદી (ઉ.વ.૫૭) પ્લોટ નં. ૧૬૨૨/ ૨, સેકટર-પસી, ગાંધીનગર
- સ્વ. અમરસિંહજી છગનજી રાઠોડ (ઉ.વ.૫૭) સી/૧, સે-૨૬, ગ્રીનસિટી સોસાયટી, ગાંધીનગર
- સ્વ. સજનબા બબાજી બિહોલા (ઉ.વ.૬૫) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. પૂંજીબેન મણાજી સોલંકી (ઉ.વ.૮૫) મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર